# Envoys of three Nations present credentials to President of India

## ત્રણ દેશોના રાજદૂતો ભારતના રાષ્ટ્રપતિ પાસે પરિચયપત્ર રજૂ કરે છે

મે 11, 2022

ભારતના રાષ્ટ્રપતિ, શ્રી રામ નાથ કોવિંદે આજે (તા. 11 મે 2022) રાષ્ટ્રપતિ ભવન ખાતે સ્લોવાક રિપબ્લિક, રિપબ્લિક ઓફ સુદાન અને નેપાળના રાજદૂતો પાસેથી પરિચયપત્ર સ્વીકાર્યા. જેમણે તેમના પરિચયપત્ર રજૂ કર્યા તેઓ હતા:

1. શ્રી રોબર્ટ મેક્સિઅન, સ્લોવાક રિપબ્લિકના રાજદૂત

2. શ્રી અબ્દલ્લા ઓમર બશીર અલહુસૈન, સુદાન પ્રજાસત્તાકના રાજદૂત અને

3. ડૉ. શંકર પ્રસાદ શર્મા, નેપાળના રાજદૂત

પરિચયપત્ર રજૂ કર્યા પછી, રાષ્ટ્રપતિએ ત્રણેય રાજદૂતો સાથે અલગ-અલગ વાતચીત કરી. તેમણે તેમની નિમણૂક માટે તેમને અભિનંદન પાઠવ્યા હતા અને ભારતે જે તે દેશો સાથે શેર કર્યા હતા તે ઉષ્માભર્યા અને મૈત્રીપૂર્ણ સંબંધો અને ભારતે દરેક દેશ સાથે માણેલા બહુપક્ષીય સંબંધો પર ભાર મૂક્યો હતો.

રાજદૂતો દ્વારા, રાષ્ટ્રપતિએ તેમના નેતૃત્વને તેમના અંગત આદર અને સન્માન પણ પાઠવ્યા હતા. આ કાર્યક્રમમાં ઉપસ્થિત રાજદૂતોએ ભારત સાથેના તેમના સંબંધોને મજબૂત કરવા ઘનિષ્ઠટા સાથે કામ કરવાની તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.

**નવી દિલ્હી**
**મે 11, 2022**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.